ASHUTOSH®

# ધન વ્યવસ્થા

DHAN VYAVASTHA

VOL. No. 5 ISSUE NO. 07-2013-14 DT. 07.11.2013 RS. 10/-

## દિપાવલી તથા નૂતન વર્ષ

એટલે નવી આંકાક્ષાઓ, ઉન્નતિમય વિચારો અને પ્રગતિના પથ
પર પદાર્પણ કરવાનો પ્રેરણામય ત્રિવેણી સંગમ.

આ દિવાપલી તથા નૂતન વર્ષે આપ દરેક
સફળતા હાંસલ કરો તેવી હાર્દિક શુભેચ્છા સહ...




## ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD.

A COMPLETE FINANCIAL SOLUTIONS ENTERPRISE

Sterling Apts., Opp. Mahatma Gandhi School, Jawahar Road, RAJKOT 360 001. GUJARAT, INDIA.
Telephone: +91 281 222 4499, 223 6969. Email: info@ashutoshwms.com Web: www.ashutoshwms.com

OUR DIVISIONS & SERVICES

### Ashutosh Investment Advisory

- Mutual Funds
- Insurance + Pension Plans
- Bonds, Fixed Deposits
- Equities • Commodities • Currencies
- Portfolio Management Services
- Initial Public Offer (New Issue of Shares)
- Investment in Precious Metals

### Ashutosh Realty Services

- Investment in Land, Commercial & Residential Properties
- Real Estate Portfolio Management Services (RE-PMS)

### Kothari & Co.

Tax & Allied Laws Consultants

- Income & Wealth Tax
- FEMA • Trust Laws
- Companies Act
- Estate Planning

### Ashutosh Capital Advisors

- Project Finance
- Business and Personal Loans
- Financial Restructuring
- Business Advisory Services
- Private Equity Funding
- Mergers and Acquistions

ધંધા-ઉદ્યોગ

## કેન્દ્ર સરકારની CLCSS (Credit Linked Capital Subsidy) ની યોજનાનો લાભ લેવાની નાના ઉદ્યોગકારો માટે સુંદરતક

કેન્દ્ર સરકાર દ્વારા CLCSS ની સુંદર યોજના SSI (Small Scale Industries) ના વિકાસ અને વૈવિધ્યકરણ માટે છેલ્લા ઘણા વર્ષથી અમલમાં છે. આ યોજનાઓનો ઉદ્દેશ Technology Upgradation of Small Scale Industries એટલે કે નાના ઉદ્યોગની ટેકનોલોજીના વિકાસ માટેનો છે.

ખેદની વાત એ છે કે મોટા ભાગના ઉદ્યોગકારો આ યોજનાથી અજાણ છે અથવા જાણતા હોય તો પણ તેનો લાભ લીધેલ નથી. આપણે સૌ એ એવું દઢપણે માની લીધું છે અને જોયું છે કે જ્યાં કોઇ સરકારી સબસીડીની વાત આવે ત્યાં કોઇ ''વહીવટ'' કર્યા વગર તો કામ પતે જ નહિ અને તેથી ઘણા આવી સબસીડીથી દુર ભાગતા હોય છે.

એ વાત જાણી આપણને સૌને આનંદ થાય કે આ સબસીડીમાં કોઇ પણ પ્રકારના ''વહીવટ''ની જરૂર નથી માત્ર તમારે યોગ્ય કાગળો તમારી બેંક મારફત રજૂ કરવાના છે પછી સબસીડી આપોઆપ તમારા ખાતામાં જમા આવી જશે.

**CLCSS ની આ યોજના પાસાઓ નીચે મુજબ છે :**

૧) CLCSS અંતર્ગત રૂા. ૧ કરોડના રોકાણ સુધી ૧૫ % લેખે મહત્તમ રૂા. ૧૫ લાખની સબસીડી મળી શકે છે.

૨) સબસીડી કઇ જાતની મશીનરી વગેરે પર મળે છે તેનું વિસ્તૃત લિસ્ટ આપવામાં આવેલ છે.

૩) CLCSS ની યોજનાનો લાભ લેવા માટે આ મશીનરી ટર્મલોન મારફત જ લીધેલી હોવી જોઇએ.

૪) આ સબસીડીનું પ્રોસેસીંગ અધીકૃત બેંકો અને સીડબી (SIDBI) દ્વારા કરવામાં આવે છે.

આ CLCSS યોજના અંગેની વિસ્તૃત માહિતી અમારા આશુતોષ કેપિટલ એડવાઇઝર્સ ડીવીઝન ફોન નં. ૨૨૨૪૪૯૯ અને ૨૨૩૬૯૬૯ પાસેથી મેળવી શકશો.

કરવેરા અને આયોજન

## મ્યુચ્યુઅલ ફંડની આવક પર ક્યા દરેથી ઇન્કમટેક્સ લાગે ?

વિવિધ પ્રકારના મ્યુચ્યુઅલ ફંડોમાં અલગ અલગ ટેક્સ લાગે છે. આ લેખ થકી અમારો આ અંગેની સમજણ આપવાનો પ્રયાસ છે

**૧. ઇક્વિટી બેઇઝડ ફંડસ :-**

ઇક્વિટી મ્યુચ્યુઅલ ફંડસ સ્ટોક માર્કેટમાં ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ કરવાથી ટેક્સમાં જે લાભ મળે છે તે જ રીતે ઇક્વિટી બેઇઝ ફંડસ પણ તે રીતે ટેક્સમાં લાભ આપે છે.

**૨. ઇક્વિટી લિંકડ સેવિંગ્સ ફંડ (ELSS) :-**

ઇક્વિટી લિંકડ સેવિંગ્સ સ્કીમ ટ્રેક્સ પ્લાન તરીકે પણ ઓળખાય છે. આ સ્કીમ રોકાણકારને બેવડો લાભ આપે છે. ઇન્વેસ્ટમેન્ટ દ્વારા ટેક્સમાં લાભ અને નફા પર કરમુક્તિ રૂા. ૧,૦૦,૦૦૦ સુધીનું રોકાણ એક નાણાંકીય વર્ષ માટે ૮૦સી માંથી કપાત તરીકે બાદ મળે છે.

**૩. આર્બીટ્રેજ ફંડસ :-**

આ ફંડ ડેરીવેટીવ્સ અને શેરમાં રોકાણ કરે છે. જેમાં ફિક્સ્ડ વળતર મળે છે. આ ફંડમાં ઉત્તમ બાબત એ છે કે આ ફંડમાં એ જ ટેક્સના લાભ મળે છે જે ઇક્વિટી આધારિત ફંડને મળે છે.

**૪. બેલેન્સ્ડ ફંડસ (ઇક્વિટી - આધારિત) :-**

આ ફંડમાં પોતાને મળેલ ફંડમાંથી ૬૫ % ફંડ ઇક્વિટીમાં રોકવામાં આવે છે. આ ફંડમાં એ જ ટેક્સના લાભ મળે છે જે ઇક્વિટી આધારિત ફંડને મળે છે. તેથી

Birla Sun Life Mutual Fund
DSP BLACKROCK MUTUAL FUND
FRANKLIN TEMPLETON INVESTMENTS
HDFC MUTUAL FUND

મોટા ભાગના બેલેન્સ ફંડ તેનું ઇકવીટી ફંડમાં રોકાણ ૬૫ % પુરતું સીમિત રાખે છે.

**૫. ફંડસ ઓફ ફંડસ :-**

આ સ્કીમમાં ફંડ મેનેજર દ્વારા પસંદગી પામેલા મ્યુચ્યુઅલ ફંડના બેચમાં રોકાણ કરવામાં આવે છે. આવા રોકાણમાં ઇક્વિટી રોકાણનો હિસ્સો નિશ્ચિત ન હોવાથી ઇક્વિટીના નફામાં મળતા ટેક્સના ફાયદા મુજબનો ફાયદો મળી શકતો નથી.

**૬. ગ્લોબલ ફંડસ :-**

ગ્લોબલ ફંડસ કે જેનું ન્યૂનત્તમ ૬૫ % રોકાણ ભારતીય ઇકવીટીસમાં રોકાયેલું હોય તો તેના નફાની ગણતરી ઇકવીટી ફંડના નફાની ગણતરી મુજબ થાય છે. જો ભારતીય ઇકવીટીસમાં રોકાણ ૬૫ % થી ઓછું હોય તો તેવા સંજોગોમાં નફાની ગણતરી ડેટ ફંડના નફાની ગણતરી મુજબ થાય.

**૭. બેલેન્સડ ફંડ (ડેટ બેઇઝડ) :-**

અમુક બેલેન્સ્ડ ફંડ અને માસિક આવકના પ્લાનમાં ઇક્વિટી ફંડમાં રોકાણ ૬૫ % થી ઓછું હોય છે. તો આવા સંજોગોમાં નફાના વેરાની ગણતરી ડેટ ફંડની ગણતરી મુજબ થાય.

**૮. ડેટ ફંડસ :-**

ફિક્સ્ડ ડિપોઝીટ અને બોન્ડની આવક રોકાણ કર્તાની આવકમાં ઉમેરવામાં આવે છે. અન્ય ટેક્સની સરખામણીએ ડેટ બેઇઝ મ્યુચ્યુઅલ ફંડ પરનો લોંગ ટર્મ કેપીટલ ગેઇન ટેક્સ ૧૦ % ઓછો ગણાય.

**૯. સોનામાં રોકાણ :-**

સોનામાં રોકાણનો આ શ્રેષ્ઠતમ ઉપાય છે. રોકાણ ૧ વર્ષથી વધુ સમય માટે હોય તો તે લાંબા ગાળાનો મૂડી રોકાણનો નફો ગણાય છે. આ ફાયદો મેળવવા ફિઝિકલ સોનું ૩ વર્ષ હાથ પર રાખવું પડે છે.

આ ઉપરાંત અન્ય બાબતો પણ છે જે મ્યુચ્યુઅલ ફંડના ટેકસેશન માટે ધ્યાનમાં લેવી જરૂરી છે.

**૧. ટી.ડી.એસ. (ટેક્સ ડીડકટેડ એટ સોર્સ) :-**

મ્યુચ્યુઅલ ફંડમાં ટી.ડી.એસ. કપાતો નથી. તેમાંથી મળતા નફા પર ટેક્સ ભરવાની જવાબદારી રોકાણ કર્તાની હોય છે.

**૨. ડીવીડન્ડ :-**

મ્યુચ્યુઅલ ફંડમાંથી મળતું ડીવીડન્ડ ટેક્સ ફ્રી હોય છે. પરંતુ ડેટ બેઇઝ મ્યુચ્યુઅલ ફંડમાંથી મળતા ડીવીડન્ડ પર ડીવીડન્ડ ડીસ્ટ્રીબ્યુશન ટેક્સ (ડીડીટી) લાગે છે. આ ટેક્સ ૨૫ % જેવો હોય શકે માટે જો રોકાણ માટેનો સમયગાળો ૧ વર્ષથી વધુ હોય કયુમ્યુલેટીવ વિકલ્પ પસંદ કરી લાંબા ગાળાના નફા પર ૧૦ % વેરો ભરવો જોઇએ.

**વિવિધ પ્રકારના મ્યુચ્યુઅલ ફંડના નફા પર લાગતા ટેકસના દરની વિગત નીચે મુજબ છે.**

| કેટેગરી | ટૂંકાગાળાનો મૂડી નફો | લાંબાગાળાનો મૂડી નફો |
|---|---|---|
| ઇક્વિટી ફંડ | ૧૫ % | શૂન્ય |
| ELSS (ઇક્વિટી લીંકડ સેવીંગ સ્કીમ) | લાગુ પડતો નથી | શૂન્ય |
| આર્બીટ્રેજ ફંડ | ૧૫ % | શૂન્ય |
| ઇક્વિટી બેઇઝ બેલેન્સ ફંડ | ૧૫ % | શૂન્ય |
| ફંડસ ઓફ ફંડસ | રેગ્યુલર આવકમાં ઉમેરીને જે તે વ્યક્તિ જે ટેક્સ સ્લેબમાં આવતી હોય તે મુજબ કરપાત્ર થાય છે | ૧૦ % અથવા ૨૦ % ઇન્ડેકશેશન સહિત |
| ગ્લોબલ ફંડસ | | |
| ડેટ બેઇઝડ બેલેન્સ ફંડઝ | | |
| ડેટ અને કેશ ફંડ | | |
| ગોલ્ડ ફંડ | | |

ICICI PRUDENTIAL MUTUAL FUND
IDFC MUTUAL FUND
kotak Mutual Fund
L&T Mutual Fund

રોકાણની નવી ક્ષિતિજો

# ભારતમાં રોકાણ સાથે વિકસિત દેશોના ઈક્વીટી માર્કેટ તથા ડોલરમાં રોકાણ કરવાનો નવો અભિગમ

ભારતમાં રોકાણ અંગે એવો મત પ્રવર્તતો હતો કે ભારતનો વિકાસ દર ૮ % ઉપર વર્ષો વર્ષ રહેશે અને ભારતમાં ઈક્વીટી માર્કેટમાં રોકાણ કરવું તે એક સોનેરી તક બની રહેશે.

છેલ્લા ત્રણ વર્ષથી ભારતના વિકાસની આ અપેક્ષાઓ ફળીભૂત થઈ નથી અને દેશના વિકાસ અને દેશના અર્થતંત્રની સદ્ધરતા પર પ્રશ્નાર્થ ચિહ્નો ઉભા થઈ રહ્યા છે. આવા સંજોગોમાં ભારતમાં સમય બદલાશે અને વિકાસ પાછા ૮ % થી ૯ % ના દરે આવશે તેવી આપણે સૌ કોઈ ભારતીયોની ઈચ્છા અને અપેક્ષા હોય તે સ્વાભાવિક છે.

રોકાણ અને વાણિજ્યના વિષયમાં હૃદય કરતાં મગજથી નિર્ણયો લેવાની ફરજ પડતી હોય છે. આવા સંજોગોમાં ભારતના નાગરિકો કે જેમની પાસે ભારતમાં રોકાણના જુદા જુદા સ્ત્રોતો જેવા કે ઈક્વીટી લીંકડ રોકાણ, વ્યાજ આધારિત રોકાણ અને રીયલ એસ્ટેટ. આ ઉપરાંત વિદેશની અકસ્યામતોમાં પણ રોકાણ કરવું જોઈએ.

આપણી એવી માન્યતા રહી હોય છે કે વિદેશમાં રોકાણ કરવા માટે તો મોટી રકમ હોય તો જ તે વિચારી શકાય છે. પણ આ વાત હવેના સંજોગોમાં બદલાઈ છે.

વિકસિત દેશોના ઈક્વીટી માર્કેટમાં ભારતમાં બેઠા બેઠા વિદેશોના ઈક્વીટી મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ થઈ શકે છે. આને લીધે રોકાણમાં વિવધિતા (ડાઈવર્સીફીકેશન) લાવી શકાય છે. આવા વિદેશોના ઈક્વીટી મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાથી ભારતના રોકાણકારોને માત્ર વિદેશના શેર બજારના રોકાણનો જ લાભ નથી મળતો પણ તે રોકાણો વિદેશી ચલણ જેવા કે યુ.એસ. ડોલર આધારિત હોય, યુ.એસ. ડોલરની કિંમતની વૃદ્ધિનો પણ લાભ મળે છે.

છેલ્લા એક વર્ષના આવા વિદેશોના ભારતમાંથી થઈ શકતા મ્યુચ્યુઅલ ફંડના રોકાણ પરના વળતરની ઝલક નીચે મુજબ છે.

| ક્રમ | ફંડનું નામ | છેલ્લા ૧ વર્ષનું વળતર |
|---|---|---|
| ૧. | બીરલા સન લાઈફ ઈન્ટરનેશનલ ઈક્વીટી ફંડ | ૩૪.૦૧ % |
| ૨. | ડીએસપી બેલ્કરોક યુએસ ફલેકસીબલ ઈક્વીટી ફંડ | ૩૭.૮૪ % |
| ૩. | ડીએસપી બ્લેકરોક વર્લ્ડ એનર્જી ફંડ | ૨૭.૪૮ % |
| ૪. | ફ્રેન્કલીન એશીયન ઈક્વીટી ફંડ | ૨૨.૭૨ % |
| ૫. | ફ્રેન્કલીન યુએસ ઓપોર્ચ્યુનીટી ફંડ | ૫૩.૯૦ % |
| ૬. | આઈઆઈસીઆઈ પ્રુ યુએસ બ્લુચીપ ઈક્વીટી ફંડ | ૪૫.૬૯ % |
| ૭. | કોટક ગ્લોબલ ઈમર્જીંગ માર્કેટ ફંડ | ૨૪.૯૩ % |

Return Source : www.valueresearchonline.com dated 30-10-2013

RELIANCE Mutual Fund
SBI MUTUAL FUND
A PARTNER FOR LIFE
TATA MUTUAL FUND
uti
UTI Mutual Fund

NRI SERVICES

એન.આર.આઇ. સર્વિસીઝ

## ડોલરની રૂપિયા સામેની પ્રવર્તમાન કિંમતે બીન રહીશ ભારતીયો (એન.આર.આઇ.) નો ભારતમાં રેમીટન્સ વિક્રમ સ્તરે

ડોલર સામે રૂપિયો એક સમયે એવા નીંચા અને ચિંતાજનક સ્તરે પહોંચી ગયો હતો ત્યારબાદ રીઝર્વ બેંકના નવા ગર્વનરે અમુક નાના પણ ચતુર ફેરફારો કર્યા, વિદેશ અને ખાસ કરીને અમેરિકાની બદલાયેલી નાણાકીય પરિસ્થિતિ અને વિદેશી રોકાણકારોની જગ્યા ભારતમાં નવી ધંધા-ઉદ્યોગને સાનુકૂળ સરકાર આવશે. તેવી અપેક્ષાએ રૂપિયાની કિંમતમાં મજબુતાઇ આપી છે. આમ છતાં હાલ ડોલર સામે રૂપીયો જે સ્તરે છે તે વિદેશી રોકાણકારો અને ખાસ કરીને બીન રહીશ ભારતીયો (NRI'S) ને આકર્ષક લાગે છે.

આપણને સૌને તે જાણીને આનંદ થશે કે ચાલુ વર્ષમાં બિનરહીશ ભારતીયો (NRI'S) 71 bn એટલે કે આશરે માતબાર રૂા. ૪,૪૦,૨૦૦ કરોડ જેવી જંગી રકમ ભારતમાં રેમીટન્સ સ્વરૂપે મોકલેલ છે. આ રેમીટન્સ સ્વરૂપે આવેલ રકમ એક યા બીજી રીતે ભારતના અર્થતંત્રમાં ઠલવાશે જે ભારતના વિકાસને વેગવંતો બનાવશે.

CHECK STOP POST

ચેક પોસ્ટ

## ટેક્સ ફ્રી બોન્ડની મોસમનો લાભ રોકાણકારોએ ખાસ લેવા જેવો

હાલમાં ભારત સરકારના અનેક એકમો દ્વારા ભારત સરકારની મંજૂરીથી ટેક્સ ફ્રી બોન્ડ બહાર પાડવામાં આવેલ છે. આ ટેક્સ ફ્રી બોન્ડ રોકાણની ઉત્તમ તક પૂરી પાડે છે. તેના લાભ તથા માહિતી રોકાણકારોના લાભાર્થે પ્રસ્તુત છે.

૧. કરમુક્ત (ટેક્સ ફ્રી) બોન્ડઝ જાહેર ક્ષેત્રના સાહસો (Public Sector Entities) દ્વારા બહાર પાડવામાં આવતા હોવાથી ઉચ્ચ ગુણવત્તા (High Credit Ratings) વાળા હોય છે.

૨. ઉંચો ટેક્સ ભરતા લોકો (Higher Tax Payers) માટે અન્ય આવકની સામે આ પ્રકારના બોન્ડની આવક સરભર થતી હોવાથી બોન્ડમાંથી મળતું 'ટેક્સ ફ્રી' વ્યાજ બોન્ડને વધુ આકર્ષક બનાવે છે.

૩. આ પ્રકારના 'ટેક્સ ફ્રી બોન્ડઝ'માં વ્યક્તિગત રોકાણકાર ઉપરાંત હિંદુ અવિભક્ત કુટુંબ (HUF), કંપનીઓ અને High Networth Individulas (HNI) પણ રોકાણ કરી શકે છે.

૪. રૂા. ૧૦ લાખ અથવા તેથી ઓછી રકમના રોકાણકારોને 'રીટેઇલ ઇન્ડીવીજ્યુઅલ ઇન્વેસ્ટર'ની શ્રેણીમાં ગણવામાં આવે છે અને તેથી તેમને થોડા વધુ વ્યાજનો લાભ મળે છે.

દા.ત. હાલમાં ચાલી રહેલા પાવર ફાયનાન્સ કોર્પોરેશન લીમીટેડ - PFC ના ટેક્સ ફ્રી બોન્ડમાં રૂા. ૧૦ લાખ થી વધુ રકમ રોકતા રોકાણકારને વાર્ષિક ૮.૧૮ % વ્યાજ આપવામાં આવે છે જ્યારે ૧૦ લાખથી ઓછી રકમ રોકતા રોકાણકારને વાર્ષિક ૮.૪૩ % વ્યાજ આપવામાં આવે છે.

૫. આ પ્રકારના 'ટેક્સ ફ્રી બોન્ડઝ' ભરણું પુરું થયાં પછીના ૧૫ દિવસ પછીથી સ્ટોક એક્સચેન્જ પર લીસ્ટીંગમાં આવતા હોય છે. આ લીસ્ટીંગના કારણે ડીમેટ એકાઉન્ટમાં લેવાયેલ બોન્ડ, લોક-ઇન-પીરીયડને બાદ કરતાં, કોઇપણ સમયે વેંચી શકાય છે.

Birla Sun Life Insurance
HDFC Life Sar utha ke jiyo!
LIC
Angel Broking Service Truly Personalized




DISCLAIMER : This publication has been prepared by ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD. While reasonable care has been taken in its preparation, this publication does not purport to be a complete description of the securities, markets or developments referred to herein and ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD. does not warrant its accuracy or completeness. This publication is not an offer or solicitation of an offer to buy or sell any security or investments mentioned herein. Please read the offer documents carefully before investing.

To

Registered with Registrar of Newspapers for India Regi. No. GUJGUJ/2009/36607

Postal Regn. No. RAJKOT/600/2011-2013, office of posting RMS, Rajkot on 10th of every month Valid up to 31-12-2013

Printed by : Shri Rajen Umarshibhai Shah, Published by : Shri Daxesh Dinesh Kothari, Owned by : Shri Daxesh Dinesh Kothari and Printed at : Shrenik Printers, 134-Udhyog Nagar Colony, Opp. Krishna Steel, Lohanagar Main Road, Off. Gondal Road, Rajkot-360002. Gujarat-India and Published at : ASHUTOSH FINANCIAL SERVICES PVT. LTD., Sterling Apartment, Opp. Mahatma Gandhi School, Jawahar Road, Rajkot-360001. Gujarat-India. Editor : Shri Daxesh Dinesh Kothari.